| | | | |
|---|---|---|---|
| દાખલ તારીખઃ | ૦૫/૦૨/૨૦૨૪ | | |
| નોંધ્યા તારીખઃ | ૦૫/૦૨/૨૦૨૪ | | |
| ફેસલ તારીખઃ | ૩૧/૦૭/૨૦૨૬ | | |
| સમયગાળોઃ | વર્ષ | માસ | દિવસ |
| | ૦૨ | ૦૫ | ૨૬ |

**મહે. ઓલપાડના એડીશ્નલ સીનીયર સીવીલ જજ અને એડીશ્નલ ચીફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં.**

**ફોજદારી કેસ નં.૭૫/૨૦૨૪.**
**આંકઃ**

ફરીયાદી : સ ર કા ર શ્રી.

(ઓલપાડ પો.સ્ટે. ગુ.ર.નં.એ-૧૧૨૧૪૦૪૨૨૩૧૩૯૦/૨૦૨૩)

**વિ રૂ ધ્ધ**

આરોપી : ચંદ્રેશકુમાર પ્રવિણભાઈ પટેલ
રહે. રૂંઢી ફળિયુ, ઓલપાડ ટાઉન, તા.ઓલપાડ, જી.સુરત.

| | | |
|---|---|---|
| ફરીયાદી તરફે | : | એ.પી.પી.શ્રી. કે.આર.ભુંગળ |
| આરોપી તરફે | : | વિ.વ.શ્રી એસ.વિ.સોની/એન.આર.પટેલ. |

**ગુનોઃ- ઈ.પી.કો. કલમ-૨૭૯, ૩૩૭, ૩૩૮ તથા એમ.વી. એક્ટની કલમ-૧૭૭, ૧૮૪ મુજબ.**

**-: ચુ કા દોઃ-**

**(૧)** ફરીયાદ પક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, સદર કામના આરોપીએ ગઈ તા.૧૫/૧૦/૨૦૨૩ ના કલાક ૨૦/૦૦ વાગ્યાના અરસામાં મોજે અટોદરા ગામની સીમમા રોયલ પાર્ક સોસાયટીના ગેટની સામે

સાયણ ઓલપાડ જતા રોડ ઉપર પોતાના કબ્જાની ગ્રે કલરની ફોરવ્હીલ સ્ફીટ કાર નંબર GJ-05-RN-9664 પુરઝડપે અને ગફલતભરી રીતે હંકારી લાવી ઈજા પામનાર સાહેદ સંજય ગુરવ શર્માનાઓના કબ્જાની મો.સા.નંબર GJ-05-NP-6297 ને અડફેટમાં લઈ સંજયભાઈને મો.સા. સાથે રસ્તા ઉપર પાડી દઈ સાહેદ સંજયભાઈને માથાના ભાગે ગંભીર ઈજાઓ તથા ડાબા હાથમાં અને જમણા પગમાં ઈજાઓ પહોંચાડી બંને વાહનોને નુકશાન કરી પાછળથી પકડાઈ જઈ ઈ.પી.કો. કલમ–૨૭૯, ૩૩૭, ૩૩૮ તથા એમ.વી.એક્ટની કલમ–૧૭૭, ૧૮૪ અન્વયેનુ ગુનાહીત કૃત્ય કરેલ હોય, ગુનો કર્યાની ફરીયાદ ઓલપાડ પોલીસ સ્ટેશનમાં નોંધાયેલ અને તેની તપાસ કરનાર અમલદારને સોંપવામાં આવેલી, જેથી ત.ક.અમલદારે આ કામે લાગતા વળગતા સાહેદોના નિવેદનો નોંધી તેમજ ગુનાવાળી જગ્યાનું પંચનામું કરી આ કામે આરોપી સામે પુરતો પુરાવો જણાતાં હાલનું ચાર્જશીટ ફાઈલ કરવામાં આવેલ છે.

**(૨)** આરોપી સમન્સ આધારે અદાલતમાં હાજર થતાં સૌપ્રથમ ક્રિમી.પ્રોસીજર કોડ કલમ–૨૦૭ અન્વયે પોલીસ તપાસના કાગળોની નકલો વિના મુલ્યે પુરી પાડવાની ખાત્રી કર્યા બાદ આરોપીની આંક–૦૩ થી પ્લી નોંધતા આરોપીએ ગુનાનો ઈન્કાર કરતા ફરીયાદ પક્ષે કેસની કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

**(૩)** ફરીયાદ પક્ષે પુરાવાઓ નીચે મુજબનો મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો રજુ કરેલ છે.

**<u>–: મૌખિક પુરાવો:–</u>**

| અ.નં. | આંક | ફરીયાદી/સાહેદોની વિગત. |
|---|---|---|
| ૧. | ૦૫ | ફરીયાદી અનીલ ગુરૂવ શર્માની જુબાની. |
| ૨ | ૦૭ | સાહેદ સંજય ગુરૂવ શર્માની જુબાની. |
| ૩. | ૦૮ | સાહેદ જીગ્નેશભાઈ રમણભાઈ વાળંદની જુબાની. |
| ૪. | ૦૯ | સાહેદ દીનેશભાઈ મદનલાલ શર્માની જુબાની. |
| ૫. | ૧૦ | પોલીસ સાહેદ કોહળાભાઈ ચેહરાભાઈ ચૌધીરની જુબાની. |
| ૬. | ૧૧ | પંચ સાહેદ અનવરભાઈ ફકીર મોહમદ સિંધાની જુબાની. |

| | | |
|---|---|---|
| ૭. | ૨૧ | ત.ક.અ. શકિતસિંહ નારૂસિંહ ગોહિલની જુબાની. |
| ૮. | ૨૨ | પંચ સાહેદ સુંદરભાઈ બેચરભાઈ વસાવાની જુબાવી. |
| ૯. | ૨૫ | ત.ક.અ. ઝાલાભાઈ વશરામભાઈ ગમારાની જુબાની. |

**<u>–: દસ્તાવેજી પુરાવાઓ :–</u>**

| **અ.નં.** | **આંક** | **દસ્તાવેજની વિગત.** |
|---|---|---|
| ૧. | ૦૬ | ફરીયાદ. |
| ૨. | ૧૨ | ગુનાવાળી જગ્યાનું અસલ પંચનામું. |
| ૩. | ૧૩ | આરોપીની શરીર સ્થિતિનું અસલ પંચનામું. |
| ૪. | ૧૪ | મેડીકલ સારવાર સર્ટીફીકેટ. |
| ૫. | ૧૫ | મેડીકલ સારવાર સર્ટીફીકેટ. |

**(૪)** આ કામે ફરીયાદી પક્ષનો પુરાવો પુરો થતા, આરોપી સામે રેકર્ડ પર આવેલ પુરાવા અંગે તેઓનું સી.આર.પી.સી. કલમ–૩૧૩ મુજબ વધારાનું નિવેદન નોંધવામાં આવેલ છે જેમા આરોપીએ ફરીયાદી પક્ષના કેસની હકીકતોનો ઈન્કાર કરેલ છે અને વધુમાં જણાવેલ છે કે, આરોપી તદ્દન નિર્દોષ છે, કહેવાતો કોઈ ગુન્હો આરોપીએ કરેલ નથી, આરોપી વિરૂધ્ધ ખોટા પુરાવા ઉભા કરી ખોટી ફરીયાદ કરવામાં આવેલ છે તેથી આરોપીને નિર્દોષ છોડવા અરજ કરેલ છે.

**(૫)** ફરીયાદ પક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રીએ તેઓની મૌખિક દલીલમા એવી રજુઆત કરેલ છે કે, ફરીયાદ પક્ષે રજુ ફરીયાદી તથા સાહેદોના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા ધ્યાને લેતાં, ફરીયાદ પક્ષે આરોપી સામેના આક્ષેપિત કલમોના તત્વોને મૌખિક તથા દસ્તાવેજી પુરાવાથી પુરવાર કરેલ હોય આરોપીની કાયદા મુજબની યોગ્ય સજા કરવા અરજી કરેલ છે.

**(૫.૧)** આરોપીના વિ.વ.શ્રીનાઓએ તેઓની મૌખિક દલીલોમા રજુઆત કરેલ છે કે, આંક–૦૫ થી ફરીયાદીને તપાસેલ છે, બનાવ તા.૧૫/૧૦/૨૦૨૩ ના રોજનો છે અને એફ.આઈ.આર. તા.૧૬/૧૦/૨૦૨૩ ના રોજ આપવામાં આવેલ છે, ફરીયાદીના ભાઈના

અકસ્માતનો બનાવ છે, એફ.આઈ.આર. અનુસાર ફરીયાદીને બનાવની જાણ ફોનથી મિત્ર બંસીલાલ દ્વારા થયેલ છે, જ્યારે આંક–૦૫ ની જુબાનીમાં બનાવની જાણ ભાભીએ ફોનથી કરેલાનુ જાહેર કરેલ છે, એફ.આઈ.આર. માં ઓલપાડ સારવાર કરવાની કે દારૂ પીધેલી હાલતમાં ગાડી ચલાવતા હોવાની કોઈ હકીકત જણાવેલ નથી. ફરીયાદીએ બનાવ નજરે જોયેલ નથી. આંક–૦૭ થી ઈજા પામનાર સાહેદની જુબાનીમાં તેઓની મોટરસાયકલને પાછળથી સ્વીફ્ટ ગાડીએ અકસ્માત કરેલાનુ જણાવેલ છે જ્યારે આ કામે રજુ ગુનાવાળી જગ્યાના પંચનામા અનુસાર ઈજા પામનારની મોટરસાયકલને આગળના ભાગે ટક્કર થયેલ હોવાનુ જણાવેલ છે. મોટરસાયકલના પાછળના ભાગે કોઈ નુકશાન થયેલ નથી. વધુમાં, સદર ઈજા પામનારે તેઓના પોલીસ રૂબરૂના નિવેદનમાં મોટરસાયકલને ટક્કર મારતા રસ્તા પર પડી ગયેલ હોવાનુ જણાવેલ છે. જ્યારે તેઓની જુબાનીમાં મોટરસાયકલ ટક્કર મારતા ખાડીમાં પડી ગયેલ હોવાનુ જણાવેલ છે. જ્યારે ગુનાવાળી જગ્યાનુ રજુ પંચનામા અનુસાર ગાડી ખાડીમાં પડેલ હોવાની કોઈ હકીકત જણાતી નથી. તેમજ તેઓના નિવેદનમાં બેભાન થઈ ગયેલા હોય ૧૦૮ માં સેલ્બી હોસ્પીટલમાં લઈ ગયેલ હોવાનુ જણાવેલ છે જ્યારે તેઓની જુબાનીમાં ૧૦૮ માં ઓલપાડ સરકારી દવાખાને લઈ ગયેલાનુ જાહેર કરેલ છે. પરંતુ ઓલપાડ સારવાર દવાખાનાનુ સારવાર સર્ટીફિકેટ રજુ કરેલ નથી. તેમજ સેલ્બી હોસ્પીટલમાંથી યુનાઈટેડ હોસ્પીટલમાં લઈ ગયેલ હોવાનુ કથન છે પરંતુ, કોઈ સારવાર સર્ટીફિકેટ કે દસ્તાવેજ રજુ કરેલ નથી. તેમજ ફરીયાદીની જુબાનીમાં ઈજા પામનારને યુનાઈટેડ હોસ્પિટલ લઈ ગયેલાનુ જણાવેલ નથી. જેથી ઈજા પામનારની જુબાનીમાં વિરોધાભાસ જણાય છે અને વ્યાજબી શંકા ઉદ્ભવે છે. આંક–૦૯ થી તપાસેલ સાહેદ હિયર–સે સાહેદ છે. આંક–૧૦ થી તપાસેલ પોલીસ સાહેદ પેટ્રોલીંગમાં હોવાનુ જણાવેલ છે પરંતુ સ્ટેશન ડાયરી રજુ કરેલ નથી. આ કામે તપાસેલ પંચ સાહેદો ફરી ગયેલા જાહેર થયેલ છે. તપાસ અધિકારી દ્વારા કોઈ ઓળખ પરેડ કરાવેલ નથી. તેમજ ફરીયાદી દ્વારા એમ.એ.સી.પી. દાખલ કરેલી જેમણે આરોપીને નિર્દોષ છોડેલા છે. જેથી, આ કામે ફરીયાદ પક્ષ આરોપી સામેના ગુનાના આક્ષેપો નિઃશંકપણે

ઠોસ પુરાવાથી પ્રોસીકયુશન સાબીત કરી શકેલ ન હોય આરોપીને નિર્દોષ છોડી મુકવા રજુઆત કરવામા આવેલ છે.

(૬) રજુ થયેલ પુરાવો અને દલીલો ધ્યાને લેતાં કેસના નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**મુદ્દા**

૧. શું ફરીયાદપક્ષે એ હકીકત નિઃશંકપણે પુરવાર કરે છે કે, સદર કામના આરોપીએ ગઈ તા.૧૫/૧૦/૨૦૨૩ ના કલાક ૨૦/૦૦ વાગ્યાના અરસામાં મોજે અટોદરા ગામની સીમમા રોયલ પાર્ક સોસાયટીના ગેટની સામે સાયણ ઓલપાડ જતા રોડ ઉપર પોતાના કબ્જાની ગ્રે કલરની ફોરવ્હીલ સ્ફીટ કાર નંબર GJ-05-RN-9664 પુરઝડપે અને ગફલતભરી રીતે હંકારી લાવી ઈજા પામનાર સાહેદ સંજય ગુરવ શર્માનાઓના કબ્જાની મો.સા.નંબર GJ-05-NP-6297 ને અડફેટમાં લઈ સંજયભાઈને મો.સા. સાથે રસ્તા ઉપર પાડી દઈ સાહેદ સંજયભાઈને માથાના ભાગે ગંભીર ઈજાઓ તથા ડાબા હાથમાં અને જમણા પગમાં ઈજાઓ પહોંચાડી બંને વાહનોને નુકશાન કરી પાછળથી પકડાઈ જઈ ઈ.પી.કો. કલમ-૨૭૯, ૩૩૭, ૩૩૮ તથા એમ.વી.એક્ટની કલમ-૧૭૭, ૧૮૪ મુજબનો ગુનો કરેલ છે?

૨. શું હુકમ?

(૭) ઉપરોક્ત મુદ્દાઓ પરત્વેના મારા નિર્ણયો નીચે મુજબ છે.

(૧) નકારમાં.

(૨) આખરી હુકમ મુજબ.

**// કા ર ણો //**

**મુદ્દા નં.૧ અને ૨ :-**

(૮) ફરીયાદપક્ષે ફરીયાદની હકીકતના સમર્થનમાં નીચે મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા રજુ કરેલ છે જે અનુસાર ફરીયાદ પક્ષે આંક-

૦૫ થી ફરીયાદી અનિલ ગુરૂવ શર્માને તપાસેલ છે, તેઓએ સોગંદ પર જણાવેલ છે કે, બનાવ આશરે એકાદ વર્ષ પહેલા નવરાત્રિના દિવસે બનેલો. બનાવના દિવસે તેઓ તેઓની સાઈટ પર મજુરી કામે કલર કરવા ગયેલા હતા ત્યારે તેઓના ભાભીએ તેઓને ફોન કરીને જણાવેલ કે તમારા ભાઈનુ એકસીડેન્ટ થયેલ છે તેવુ જણાવેલ જેથી તેઓ તેઓના ભાઈને સારવાર માટે એમ્બ્યુલન્સમાં દવાખાને લઈ જવાનુ જણાવેલુ જેથી તેમને સારાર માટે ૧૦૮ માં પ્રથમ ઓલપાડ સરકારી દવાખાને લઈ ગયેલા ત્યાં તેમની પ્રાથમિક સારવાર કરેલી તેઓ બેભાન હાલતમાં હતા જેથી તેમને વધુ સારવાર માટે સેલ્બી હોસ્પિટલ સુરત ખાતે લઈ ગયેલા. વધુમાં ફરીયાદી જણાવે છે કે, બનાવના દિવસે તેઓનો ભાઈ સંજય તેની સાઈડ પરથી તેની મો.સા. જેનો રજી. નં.GJ-05-NP-6297 લઈને ઘરે આવતા હતા ત્યારે તેઓની સોસાયટીના ગેટની આગળ એક સ્વીફ્ટ ફોરવ્હીલ ગાડી જેનો રજી.નં.આર.એન-૯૬૬૪ રહેલો છે જેના ચાલકે દારૂ પીધેલી હાલતમાં તેઓના કબ્જાની ગાડી ૧૨૦ થી વધુ સ્પીડે હંકારી લાવી પાછળથી તેઓના ભાઈની મો.સા. ને અથડાવી દઈ અકસ્માત કરેલો. બનાવ અંગે તેઓએ પોલીસમાં ફરીયાદ આપેલી. તેઓને અસલ ફરીયાદ બતાવવામા આવે છે તે જોઈને કહે છે કે, તેમાં તેઓની સહી રહેલી છે જે તેઓ ઓળખે છે જે આંક-૦૬ થી રજુ છે.

સદરહુ ફરીયાદીની આરોપી તરફે ઉલટતપાસ કરતા તેઓએ મુખ્યત્વે એ તમામ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, બનાવવાળી જગ્યાએ ઘણા ઘરો આવેલા છે અને ત્યાં ઘણી બધી ગાડીઓ આવતી જતી રહે છે. તેઓએ એ હકીકતનો ઈન્કાર કરેલ છે કે, તેઓના ભાઈને પ્રથમ ઓલપાડ સરકારી દવાખાને લઈ ગયેલા તે હકીકત તેઓની ફરીયાદમાં લખાવેલી નથી. તેઓએ એ હકીકતનો ઈન્કાર કરેલ છે કે, જેના ચાલકે દારૂ પીધેલી હાલતમાં પોતાના કબજાની ગાડી ૧૨૦ થી વધુ સ્પીડે ચલાવી લાવી તે હકીકત તેઓની ફરીયાદમાં લખાવેલી નથી. તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, બનાવ તેઓએ નજરો નજર જોયેલ નથી. તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, બનાવ તેઓએ નજરો નજર જોયેલ ન હોય કોની બેદરકારીથી બનેલો તે તેઓ કહી શકે નહી. તેઓએ એ હકીકતનો ઈન્કાર કરેલ છે કે, તેઓના ભાઈની

મોટર સાઈકલ સ્લીપ થઈ જવાથી તેઓને ઈજા થયેલી. તેઓએ એ હકીકતનો ઈન્કાર કરેલ છે કે, ઈજા પામનાર તેઓના ભાઈ થતા હોવાથી તેમના સમર્થનમાં ખોટી જુબાની આપે છે.

(૮.૧) ફરીયાદ પક્ષે આંક–૦૭ થી સાહેદ સંજય ગુરૂવ શર્માને તપાસવામાં આવેલ છે, તેઓએ તેમના સોંગદ પરના પુરાવામાં જણાવેલ છે કે, સને–૨૦૨૩ ના વર્ષની નવરાત્રિના પ્રથમ દિવસે તેઓ તેઓના કામ પર વેસુ ગયેલા અને કામ પુરુ કરીને તેઓના ઘરે રોયલપાર્ક સોસાયટી અટોદરાથી પહેલા તા.ઓલપાડ મુકામે પરત આવતા હતા ત્યારે બનાવ બનેલો. બનાવ વખતે તેઓ તેઓની મો.સા. નં.એનપી–૬૨૯૭ લઈને ઘરે આવતા હતા તે વખતે રોયલપાર્ક ગેટની નજીકમાં મેઈન રોડ પરથી તેઓ પસાર થતા હતા અને વળાંક આવતા તેઓ તેઓની મો.સા. ની સાઈડ લાઈટ બતાવીને વળવા જતા હતા ત્યારે પાછળથી એક સ્વીફટગાડી જેનો રજી.નંબર તેઓને હાલ યાદ નથી પરંતુ તેઓ તેઓના પોલીસ સમક્ષના નિવેદનમાં લખાવેલ છે તેના ચાલકે ફુલસ્પીડમાં ચલાવી લાવી તેઓના મો.સા. સાથે અથડાવી દઈ અકસ્માત કરેલો. વધુમાં સાહેદ જણાવે છે કે, આ અકસ્માતમાં કારની ટક્કર લાગવાથી તેઓ નીચે ખાડીમાં પડી ગયેલ આ બનાવમાં તેઓને માથામાં, હાથપર અને પગ પર ઈજાઓ થયેલી. તેઓને સારવાર માટે ૧૦૮ માં પ્રથમ ઓલપાડ સરકારી દવાખાને લઈ ગયેલા ત્યાં તેઓની પ્રાથમિક સારવાર કરેલી અને તેઓને બેભાન હાલતમાં વધુ સારવરા માટે સેલ્બી હોસ્પિટલ સુરત ખાતે લઈ ગયેલા. જ્યાં ફરજ પરના મેડીકલ ઓફીસરે અંદરના દર્દી તરીકે દાખલ કરી એકાદ મહીના જેટલી સારવાર કરેલી ત્યારબાદ તેઓને રજા આપેલી ફરજ પરના ડોક્ટરે માથાના ભાગે ઈજાઓ થયેલી હોય ટાંકા લીધેલા અને તેની સારવાર કરેલી. બનાવ અંગે તેઓના ભાઈએ પોલીસમાં ફરીયાદ આપેલી. પોલીસે તેઓની પુછપરછ કરેલી. આરોપીને તેઓ જોયે ઓળખે છે જે નામદાર કોર્ટમાં હાજર છે.

સદરહુ સાહેદની આરોપી તરફે ઉલટતપાસ કરતા તેઓએ મુખ્યત્વે એ તમામ હકીકતનો ઈન્કાર કરેલ છે કે, બનાવવાળી જગ્યાએ ઘણા ઘરો આવેલા છે. તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, બનાવવાળી જગ્યા

જાહેર જગ્યા હોવાથી ત્યાં માણસોની અવર જવર રહે છે. સવાલ–બનાવના અરસામા શિયાળાની રૂતુ હતી ? જવાબ–બનાવ નવરાત્રિના પ્રથમ દિવસે બનેલો અને ત્યારે થોડી થોડી ઠંડી હતી. તેઓએ એ હકીકતનો ઈન્કાર કરેલ છે કે, બનાવ સમયે અંધારૂ હતુ. તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, આરોપીનું કોઈ વર્ણન તેઓએ તેમના પોલીસ સમક્ષના નિવેદનમાં લખાવેલ નથી. તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, તેઓને પ્રથમ ઓલપાડ સરકારી દવાખાને સારવાર માટે લઈ ગયેલા તે હકીકત તેઓના પોલીસ રૂબરૂના નિવેદનમાં લખાવી નથી. તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, આરોપીને અટર કર્યા બાદ તેઓને બોલાવીને પોલીસે કોઈ ઓળખ પરેડ કરાવી નથી. બનાવ સમયે તેઓની મો.સા. ની હેડ લાઈટ ચાલુ હતી. બનાવ સાંજે ૮ વાગે બનેલો. તેઓએ એ હકીકતનો ઈન્કાર કરેલ છે કે, હેડલાઈટનો પ્રકાશ તેઓની આંખો પર પડવાથી તેઓ સ્પષ્ટ જોઈ શકેલ નહી. તેઓને ગુજરાતી લખતા વાંચતા થોડુ ઘણુ આવડે છે. તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, પોલીસે તેઓનુ નિવેદન ગુજરાતીમાં લખેલુ, શું લખેલુ તેની તેઓની ખબર નથી. તેઓએ એ હકીકતનો ઈન્કાર કરેલ છે કે, તેઓની મોટર સાયકલ સ્લીપ થઈ જવાથી તેઓ નીચે પડી જવાથી તેઓને ઈજા થયેલી. તેઓએ એ હકીકતનો ઈન્કાર કરેલ છે કે, આવો કોઈ બનાવ બનેલ ન હોવા છતા તેઓના ભાઈએ આપેલ ખોટી ફરીયાદના સમર્થનમાં ખોટી જુબાની આપે છે.

**(૮.૨)** ફરીયાદ પક્ષે આંક–૦૮ થી સાહેદ જીગ્નેશભાઈ રમણભાઈ વાળંદને તપાસવામાં આવેલ છે, તેઓએ તેમના સોંગદ પરના પુરાવામાં જણાવેલ છે કે, બનાવ આશરે એક દોઢ વરસ અગાઉ નવરાત્રિના તહેવારમા બનેલો. તેઓ રોયલપાર્ક સોસાયટી ઈશનપોર મુકામે રહે છે. બનાવ સમયે તેઓ નવરાત્રિનુ ડેકોરેશન કરી પાણી લેવા માટે સોસાયટીના ગેટની બહાર નીકળેલા હતા. આ વખતે તેઓની સોસાયટીમા રહેતા સંજયભાઇ તેઓની બાઇક લઇને સોસાયટી તરફ ટર્ન લેતા હતા તે સમયે એક ફોરવ્હીલ કાર ફુલ સ્પીડમા આવેલી અને સંજયભાઇની બાઇકને આગળની તરફથી ટકકર તેઓને અકસ્માત કરેલો. જેથી સંજયભાઇ નીચે પડી ગયેલા અને તેમને

માથામા ગંભીર ઈજા થતા તેઓ બેભાન થઇ ગયેલા હતા. તેઓને એક ખાનગી કારમા સારવાર માટે ઓલપાડ સરકારી દવાખાને લઇ ગયેલા. ત્યારબાદ તેઓને વધુ સારવાર માટે સેલ્બી હોસ્પિટલ સુરત ખાતે લઈ ગયેલા. જયા ફરજ પરના મેડીકલ ઓફીસરે અંદરના દર્દી તરીકે દાખલ કરેલા. બનાવ બાબતે પોલીસે મારી પુછપરછ કરેલી.

સદર સાહેદ ફરીયાદમાં આરોપી સામે કરેલ આક્ષેપીત હકીકતને સમર્થન આપતા ન હોય સદર સાહેદને ફરી ગયેલા સાહેદ જાહેર કરવામાં આવેલ છે અને ત્યારબાદ ફરીયાદ પક્ષે કરવામાં આવેલ ઉલટ તપાસમાં પણ તેઓએ ફરીયાદ હકીકતોને લેશમાત્ર સમર્થન આપેલ નથી.

સદરહુ સાહેદની આરોપી તરફે ઉલટતપાસ કરતા તેઓએ મુખ્યત્વે એ તમામ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, બનાવવાળી જગ્યાએ જાહેર માર્ગ હોવાથી ત્યાં ઘણા બધા માણસોની તથા વાહનોની અવર જવર રહે છે. સવાલ–તમે તમારી સરતપાસમાં જણાવેલ હકીકત જેવી કે અમો નવરાત્રિનું ડેકોરેશન કરી પાણી લેવા માટે સોસાયટીના ગેટની બહાર નીકળેલા હતા, તે હકીકત તમારા પોલીસ રૂબરૂના નિવેદનમા લખાવેલ નથી ? જવાબ–પોલીસે જેટલુ પુછયુ તેટલુ મે લખાવેલુ છે. સવાલ–તમે તમારી સરતપાસમા જણાવેલ હકીકત જેવી કે સંજયભાઈ પોતાની બાઈક લઈને સોસાયટી તરફ ટર્ન લેતા હતા, તે હકીકત તમારા પોલીસ રૂબરૂના નિવેદનમાં લખાવેલ નથી ? જવાબ–ખરી વાત છે. સવાલ–તમે તમારી સરતપાસમા જણાવેલ હકીકત જેવી કે, તેઓને એક કાનગી કારમા સારવાર માટે ઓલપાડ સરકારી દવાખાને લઈ ગયેલા, તે હકીકત તમારા પોલીસ રૂબરૂના નિવેદનમાં લખાવેલ નથી ? જવાબ–પોલીસે જેટલુ મને પુછયુ તેટલુ મે લખાવેલુ છે.તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, પોલીસે તેઓના નિવેદનમા શુ લખેલુ તે તેઓએ વાંચેલુ ન હતુ. તેઓએ એ હકીકતનો ઈન્કાર કરેલ છે કે, ઈઝા પામનાર તેઓની સોસાયટીમા રહેતા હોવાથી તેઓના સમર્થનમા ખોટી જુબાની આપે છે.

(૮.૩) ફરીયાદ પક્ષે આંક–૦૯ થી સાહેદ દીનેશભાઈ મદનલાલ શર્માને તપાસવામાં આવેલ છે, તેઓએ તેમના સોંગદ પરના પુરાવામાં

જણાવેલ છે કે, બનાવ આશરે એકાદ વર્ષ પહેલા બનેલો. બનાવ રાત્રિના આઠ–સાડા આઠ વાગ્યાના અરસામાં બનેલો. બનાવ વખતે તેઓ તેઓના ભાઈ કૈલાશભાઈને રોયલપાર્કમાં મુકીને સુરત તરફ જતા હતા તે વખતે એક સ્વીફ્ટ ગાડી અને બાઈક વચ્ચે અકસ્માત થયેલો હતો. બનાવ કેવી રીતે બનેલો તેની તેઓને ખબર નથી. ત્યાં લોકો ભેગા થતા હતા તે જોઈને જતો રહેલા. બનાવ અંગે પોલીસે તેઓની પુછપરછ કરી નથી.

સદર સાહેદ ફરીયાદમાં આરોપી સામે કરેલ આક્ષેપીત હકીકતને સમર્થન આપતા ન હોય સદર સાહેદને ફરી ગયેલા સાહેદ જાહેર કરવામાં આવેલ છે અને ત્યારબાદ ફરીયાદ પક્ષે કરવામાં આવેલ ઉલટ તપાસમાં પણ તેઓએ ફરીયાદ હકીકતોને લેશમાત્ર સમર્થન આપેલ નથી.

સદરહુ સાહેદની આરોપી તરફે કોઈ ઉલટતપાસ કરવામાં આવેલ નથી.

**(૮.૪)** ફરીયાદ પક્ષે આંક–૧૦ થી પોલીસ સાહેદ કોહળાભાઈ ચેહરાભાઈ ચૌધરીને તપાસવામાં આવેલ છે, તેઓએ તેમના સોંગદ પરના પુરાવામાં જણાવેલ છે કે, સને–૨૦૨૩ માં ઓલપાડ પોસ્ટેમા અ.પો.કો તરીકે ફરજ બજાવતા હતા તે દરમ્યાન ગઈ તા.૧૫/૧૦/૨૦૨૩ ના રોજ સવારના ૮ થી રાત્રીના ૮ વાગ્યા સુધી ઓલપાડ ટાઉન વિસ્તારમાં પી.સી.આર. માં પેટ્રોલીંગમાં હતા અને તેઓની ફરજ ટાઉન વિસ્તારના ટ્રાફિક પોઇન્ટ પર હાજર પોલીસના માણસોની હાજરી ચેક કરવા બાબતેની હતી અને તેઓ તે દરમ્યાન સાંજના ૬ કલાક અને ૧૦ મિનિટે મીના હોટલના પોઈન્ટ પર તપાસ કરતા એસ.આર.ડી ભાવિન પરેશભાઈ તેમજ એસ.ટી. ડેપોના પોઈન્ટ પર ૬:૧૫ કલાકે તપાસ કરતા જી.આર.ડી ચંન્દ્રેશ પ્રવિણભાઈ પોઈન્ટ પર ગેરહાજર હતા ત્યારબાદ ૮:૨૦ થી ૮:૩૦ વચ્ચે પણ તેઓ પોઈન્ટ પર હાજર ન હતા જે બાબતની તેઓએ ઓલપાડ પો.સ્ટે આવી પી.એસ.ઓ શકુંતલાબેનની પાસે આ બાબતે સ્ટેશન ડાયરીમાં નોંધ કરવા જાણ કરેલી. આરોપીને જોયેથી ઓળખે છે જે આજરોજ નામદાર કોર્ટમાં હાજર છે તે જ છે.

સદરહુ સાહેદની આરોપી તરફે ઉલટતપાસ કરતા તેઓએ મુખ્યત્વે એ તમામ હકીકતનો ઈન્કાર કરેલ છે કે, તેઓની નોકરી પરના ફરજનો ચોકકસ સમય હોય છે. તેઓએ એ હકીકતનો ઈન્કાર કરેલ છે કે, પેટ્રોલીંગમાં નીકળતા પહેલા તેઓએ સ્ટેશન ડાયરીમાં નોંધ કરવાની હોય છે. તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, તેઓએ તેમના પોલીસ નિવેદનમાં તેઓના પીસીઆર વાહનનો નંબર લખાવેલ નથી. તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, તેઓએ સરતપાસમાં જણાવેલ હકીકત અન્વયે તપાસ કરતા ગેરહાજર રહેલ જી.આર.ડી.ને પોઈન્ટ પર ગેરહાજર બાબતે ફોન પર જાણ કરેલી. તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, ગેરહાજર રહેલ જી.આર.ડીને ફોન પર જાણ કરેલ હોવાની હકીકત નિવેદનમાં લખાવેલ નથી. તેઓએ એ હકીકતનો ઈન્કાર કરેલ છે કે, સરતપાસમાં જણાવેલ પોઈન્ટ પર ગેરહાજર રહેલ જી.આર.ડી. ની ખાતરી કરવા સારૂ પીસીઆર વાહનમાંથી નીચે ઉતરી તપાસ કરેલ નહી. તેઓએ એ હકીકતનો ઈન્કાર કરેલ છે કે, પોઈન્ટ પર તપાસ કરવા ગયેલ હોય ત્યારે આરોપી વોશરૂમ કરવા ગયેલ પણ હોઈ શકે.

(૮.૫) ફરીયાદ પક્ષે આંક–૧૧ થી પંચ સાહેદ અનવરભાઈ ફકીર મોહમદ સીંધાને તપાસવામાં આવેલ છે, તેઓએ તેમના સોંગદ પરના પુરાવામાં જણાવેલ છે કે, પોલીસે તેઓની પો.સ્ટે.માં તૈયાર પંચનામામા સહી કરાવેલી. પોલીસ તેઓને કોઈ ગુનાવાળી જગ્યાએ લઈ ગયેલી નથી કે તેઓની હાજરીમાં કોઈ આરોપીની અટક કરેલ નથી કે મુદ્દામાલ કબજે કરેલ નથી કે કોઈ પંચનામું કરેલ નથી. તેઓને ગુનાવાળી જગ્યાનું અસલ પંચનામું બતાવવામાં આવે છે જેમા પંચ નંબર ૧ તરીકે તેઓની સહી ઓળખી બતાવી જે આંક–૧૨ તથા આંક–૧૩ થી રજુ છે.

સદર સાહેદ પંચનામાની હકીકતને સમર્થન આપતા ન હોય સદર પંચ સાહેદને ફરી ગયેલા સાહેદ જાહેર કરવામાં આવેલ છે અને ત્યારબાદ ફરીયાદપક્ષે કરવામાં આવેલ ઉલટતપાસમાં પણ તેઓએ પંચનામાની હકીકતોને લેશમાત્ર સમર્થન આપેલ નથી.

સદરહુ સાહેદની આરોપી તરફે ઉલટતપાસ કરતા તેઓએ મુખ્યત્વે એ તમામ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, પોલીસે તેઓની તૈયાર પંચનામામાં સહી લીધેલી, પોલીસ તેઓને ગુનાવાળી જગ્યાએ લઈ ગયેલ નથી કે તેઓની હાજરીમાં કોઈ પંચનામું કરેલ નથી કે કોઈ મુદ્દામાલ કબ્જે કરેલો નથી.

(૮.૬) ફરીયાદ પક્ષે આંક–૨૧ થી તપાસ કરનાર અમલદાર શકિતસિંહ નારૂસિંહ ગોહિલને તપાસવામાં આવેલ છે, તેઓએ તેમના સોંગદ પરના પુરાવામાં જણાવેલ છે કે, સને–૨૦૨૩ માં તેઓ ઓલપાડ પો.સ્ટે મા અ.હે.કો. તરીકે ફરજ પર હાજર હતા તે દરમ્યાન આ કામના ફરીયાદી અનિલ ગુરુવ શર્માએ હાલના આરોપી વિરુધ્ધ ઓલપાડ પોસ્ટે ફર્સ્ટ ગુ.ર.નં.–૨૩૧૩૯૦/૨૦૨૩ ઈ.પી,કો કલમ–૨૭૯, ૩૩૭, ૩૩૮ તથા એમ.વી. એક્ટની કલમ–૧૭૭, ૧૮૪ મુજબની તેઓની રૂબરૂ ફરીયાદ આપતા સદર ફરીયાદ તેઓ પી.એસ.ઓ. તરીકે દાખલ લઈ વધુ તપાસ અર્થે અ.હો.કો. ઝાલાભાઈને સોપતા તેઓએ તપાસ સંભાળી લીધેલી. તેઓને આંક–૦૬ વાળી અસલ ફરીયાદ બતાવવામાં આવે છે જેમાં આ કામના ફરીયાદીની તથા તેઓની સહી રહેલી છે જે ફરીયાદ તેઓના રૂબરૂ આપવામાં આવેલ છે તે જ છે. વધુમાં સાહેદ જણાવે છે કે, સદર કામે અ.હે.કો. ઝાલાભાઈએ ગુનાવાળી જગ્યાનુ તેમજ આરોપીની શરીર સ્થિતિનું પંચો રૂબરૂ પંચનામું કરેલુ. તેઓને આંક–૧૨ વાળુ ગુનાવાળી જગ્યાનું તેમજ આંક–૧૩ વાળુ અટક પંચનામું બતાવવામા આવે છે જે તપાસના કામે મળેલ છે તે જ છે. સદર કામે અ.હે.કો. ઝાલાભાઈએ લાગતા વળગતા સાહેદોના નિવેદન લીધેલા. આરોપીને અટક કરી નામદાર કોર્ટમાં રજુ કરેલ. ત્યારબાદ તેઓની બદલી થતા આગળની તપાસ તેઓને મળતા તેઓએ તપાસ સંભાળી લઈ તપાસના અંતે આરોપી વિરુધ્ધ પુરતો પુરાવો મળી આવતા ચાર્જશીટ કરી નામદાર કોર્ટમાં મોકલી આપેલ.

સદરહુ સાહેદની આરોપી તરફે ઉલટતપાસ કરતા તેઓએ મુખ્યત્વે એ તમામ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, તેઓએ સદર કામે ફરીયાદ દાખલ લેવા સિવાય અને ચાર્જશીટ કર્યા સિવાય બીજી કોઈ કાર્યવાહી કરેલી નથી. તેઓએ

એ હકીકતનો ઈન્કાર કરેલ છે કે, હાલના આરોપીને ખોટી રીતે સંડોવી દઈ તેમની વિરૂધ્ધ ખોટી ફરીયાદ આપેલ હોય તેના સમર્થમા ખોટી તપાસ કરી આરોપી વિરૂધ્ધ પુરતો પુરાવો ન હોવા છતા ખોટી ચાર્જશીટ કરી તેના સમર્થનમાં ખોટી જુબાની આપે છે.

(૮.૭) ફરીયાદ પક્ષે આંક–૨૨ થી પંચ સાહેદ સુંદરભાઈ બેચરભાઈ વસાવાને તપાસવામાં આવેલ છે, તેઓએ તેમના સોંગદ પરના પુરાવામાં જણાવેલ છે કે, પોલીસે તેઓની પો.સ્ટે.માં તૈયાર પંચનામામા સહી કરાવેલી. પોલીસ તેઓને કોઈ ગુનાવાળી જગ્યાએ લઈ ગયેલી નથી કે તેઓની હાજરીમાં કોઈ આરોપીની અટક કરેલ નથી કે મુદ્દામાલ કબજે કરેલ નથી કે કોઈ પંચનામું કરેલ નથી. તેઓને આંક–૧૨ તથા આંક–૧૩ વાળા ગુનાવાળી જગ્યાનું તેમજ આરોપીની શરીર સ્થિતિના બે અસલ પંચનામા બતાવવામાં આવે છે જેમા પંચ નંબર ૨ તરીકે તેઓની સહી ઓળખી બતાવે છે.

સદર સાહેદ પંચનામાની હકીકતને સમર્થન આપતા ન હોય સદર પંચ સાહેદને ફરી ગયેલા સાહેદ જાહેર કરવામાં આવેલ છે અને ત્યારબાદ ફરીયાદપક્ષે કરવામાં આવેલ ઉલટતપાસમાં પણ તેઓએ પંચનામાની હકીકતોને લેશમાત્ર સમર્થન આપેલ નથી.

સદરહુ સાહેદની આરોપી તરફે ઉલટતપાસ કરતા તેઓએ મુખ્યત્વે એ તમામ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, પોલીસે તેઓની તૈયાર પંચનામામાં સહી લીધેલી, પોલીસ તેઓને ગુનાવાળી જગ્યાએ લઈ ગયેલ નથી કે તેઓની હાજરીમાં કોઈ પંચનામું કરેલ નથી કે આરોપીની અટક કરેલ નથી કે કોઈ મુદ્દામાલ કબ્જે કરેલો નથી.

(૮.૮) ફરીયાદ પક્ષે આંક–૨૫ થી તપાસ કરનાર અમલદાર ઝાલાભાઈ વશરામભાઈ ગમારાને તપાસવામાં આવેલ છે, તેઓએ તેમના સોંગદ પરના પુરાવામાં જણાવેલ છે કે, સને–૨૦૨૪ માં તેઓ ઓલપાડ પો.સ્ટે મા અ.હે.કો. તરીકે ફરજ પર હાજર હતા તે દરમ્યાન આ કામના ફરીયાદી અનિલ ગુરુવ શર્માએ હાલના આરોપી વિરુધ્ધ ઓલપાડ પોસ્ટે

ફર્સ્ટ ગુ.ર.નં.–૨૩૧૩૯૦/૨૦૨૩ ઈ.પી.કો કલમ–૨૭૯, ૩૩૭, ૩૩૮ તથા એમ.વી. એક્ટની કલમ–૧૭૭, ૧૮૪ મુજબની તેઓની રૂબરૂ ફરીયાદ આપતા સદર ફરીયાદ તેઓએ પી.એસ.ઓ. તરીકે દાખલ લઈ વધુ તપાસ અર્થે તેઓને સોપતા તેઓએ તપાસ સંભાળી લીધેલી. તેઓને આંક–૦૬ વાળી અસલ ફરીયાદ બતાવવામાં આવે છે જેમાં આ કામના ફરીયાદીની તથા તેઓની સહી રહેલી છે જે ફરીયાદ તેઓના રૂબરૂ આપવામાં આવેલ છે તે જ છે. વધુમાં સાહેદ જણાવે છે કે, સદર કામે તેઓએ ગુનાવાળી જગ્યાનુ તેમજ આરોપીની શરીર સ્થિતિનું પંચો રૂબરૂ પંચનામું કરેલ. તેઓને આંક–૧૨ વાળુ ગુનાવાળી જગ્યાનું તેમજ આંક–૧૩ વાળુ અટક પંચનામું બતાવવામા આવે છે જેમાં આ કામના પંચોની તથા તેઓની સહી રહેલી છે. જે તેઓ ઓળખી બતાવે છે. જે પંચનામું તેઓના દ્વારા કરવામા આવેલ છે તે જ છે. સદર કામે તેઓએ ઈજા પામનારના મેડીકલ સારવારના સર્ટીફિકેટ મેળવી આ કામે સામેલ રાખેલ. તેઓને આંક–૧૪ થી આંક–૧૫ ના મેડીકલ સારવારના સર્ટીફિકેટ બતાવવામા આવે છે જે તપાસના કામે સામેલ રાખેલ છે તે જ છે. સદર કામે તેઓએ લાગતા વળગતા સાહેદોના નિવેદનો લીધેલા. આરોપીને અટક કરી જામીન ઉપર મુક્ત કરેલ. ત્યારબાદ તેઓની બદલી થતા આગળની તપાસ અ.હે.કો. શક્તિસિંહે કરેલ છે. તેઓએ તપાસ સંભાળી લઈ તપાસના અંતે આરોપી વિરુધ્ધ પુરતો પુરાવો મળી આવતા ચાર્જશીટ કરી નામદાર કોર્ટમાં મોકલી આપેલ. આરોપીને જોયેથી ઓળકે છે જે આજરોજ નામદાર કોર્ટમાં હાજર છે તે જ છે.

સદરહુ સાહેદની આરોપી તરફે ઉલટતપાસ કરતા તેઓએ મુખ્યત્વે એ તમામ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, બનાવવાળી જગ્યાએ વસ્તાવાળો વિસ્તાર છે તેમજ જાહેર માર્ગ હોય ત્યાંથી ઘણા બધા વાહનોની અવરજવર રહે છે. કહેવાતો બનાવ રાત્રે બનેલો અને તેની ફરીયાદ સવારે આપવામાં આવેલી. તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, તેઓના રૂબરૂની આંક–૦૬ વાળી ફરીયાદમા અકસ્માત કરનાર વાહનના ચાલકનુ નામ કે વર્ણન ફરીયાદ તેમજ સાહેદોના નિવેદનમાં જણાવેલ નથી. તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે,ફરીયાદીને કહેવાતા બનાવની જાણ કયા ફોન નંબર દ્વારા

કરવામા આવેલી તે નંબર અંગેની વિગત તેઓના તપાસના કામે તેમજ ફરીયાદમાં જણાવેલ નથી. તેઓએ એ હકીકતનો ઈન્કાર કરેલ છે કે, સદર કામે તેઓએ બનાવ નજરે જોનાર સાહેદોના નિવેદન લીધેલા નથી. તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, આ કામે જે પંચો રહેલા છે તે બીજા ઘણા બધા કેસોમા પંચ તરીકે રહેલ છે. તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, સામાન્ય રીતે વાહન માલીક સિવાય તેની ગાડી અન્ય ઈસમ પણ ચલાવી શકે છે. તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, ઈજા પામનાર સાહેદ સંજયભાઈએ તેને પાછળથી ટકકર મારેલાની હકીકત તેના નિવેદનમાં જણાવેલી નથી. તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, ફરીયાદીની ફરીયાદીમાં કે સાહેદોના નિવેદનોમા અકસ્માત કરનાવ વાહનના ચાલકે ઈજા પામનાર સાહેદને આગળથી ટકકર મારેલી કે પાછળથી મારેલી તે હકીકત લખાવેલી નથી. તેઓએ એ હકીકતનો ઈન્કાર કરેલ છે કે, અકસ્માત કરનાર ગાડી કઈ દિશામાંથી આવી કઈ દિશામાં જતી હતી તે હકીકત ફરીયાદીની ફરીયાદમાં કે સાહેદોના નિવેદનમાં જણાવેલ નથી. તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, બનાવવાળા સ્થળનો નકશો મેળવી આ કામે સામેલ રાખેલ નથી. તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, ઈજા પામનાર સાહેદને પ્રથમ ઓલપાડ દવાખાને સારવાર માટે લઈ ગયેલાની હકીકત ફરીયાદીની ફરીયાદમાં કે સાહેદોના નિવેદનમાં જણાવેલ નથી તેમજ ઓલપાડ ખાતે સારવાર લીધેલાનુ મેડીકલ સર્ટીફીકેટ મેળવી તપાસના કામે સામેલ રાખેલ નથી. તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, ફરીયાદીએ આંક–૦૬ વાળી ફરીયાદમાં "RN-9664 ના ચાલકે દારૂ પીધેલ હાલતમાં પોતાના કબજાની ગાડી ૧૨૦ કિ.મી. પ્રતિ કલાકથી વધારે સ્પીડે ચલાવી લાવી પાછળથી ફરીયાદીના ભાઈને અથડાવી દઈ અકસ્માત કરેલાની હકીકત" જણાવેલ નથી. તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, આરોપીની કોઈ ઓળખ પરેડ કરાવેલ નથી. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે, આરોપીએ પોતાના નિવેદનમા અકસ્માત અંગેની હકીકતોનો સ્વીકાર કરેલ છે. તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, આરોપીનું નિવેદન તેઓએ તપાસના કામે સામેલ રાખેલ નથી. તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે,

આરોપી તેના નોકરીના પોઈન્ટ ઉપર હાજર ન હતા તે અંગેની નોંધ ઓલપાડ પો.સ્ટેની સ્ટેશન ડાયરીમા કરાવેલ છે. તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, આ સ્ટેશન ડાયરીની નોંધ આ કામે સામેલ રાખેલ નથી. તેઓએ એ હકીકતનો ઈન્કાર કરેલ છે કે, પંચનામા પોલીસ સ્ટેશનમાં બેસી જાતે લખી લઈ તૈયાર પંચનામામા પંચોની સહી કરાવેલી. તેઓએ એ હકીકતનો ઈન્કાર કરેલ છે કે, સાહેદોના નિવેદનો તેઓએ ફરીયાદને અનુરૂપ જાતે લખી લીધેલા. તેઓએ એ હકીકતનો ઈન્કાર કરેલ છે કે, હાલના આરોપીને ખોટી રીતે સંડોવી દઈ તેમની વિરૂધ્ધ ખોટી ફરીયાદ આપેલ હોય તેના સમર્થનમાં ખોટી તપાસ કરી આરોપી વિરૂધ્ધ પુરતો પુરાવો ન હોવા છતા ખોટી ચાર્જશીટ કરી તેના સમર્થનમા ખોટી જુબાની આપે છે.

ફરીયાદ પક્ષે ઉપરોકત મુજબનો મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો રજુ કરેલ છે.

**-: તારણ :-**

(૯) ઉપરોકત બંને પક્ષકારોની રજુઆત, રેકર્ડ ઉપર રજુ થયેલ પુરાવા વંચાણે લીધા. તે સાથે ફોજદારી કાર્યવાહીમાં કરવામાં આવેલ પુરાવાના મુલ્યાંકન વિશે જોઈએ તો, કાયદાનો પ્રસ્થાપિત સિધ્ધાંત છે કે, ફરીયાદ પક્ષે આરોપી સામેના આક્ષેપિત ગુનાની હકીકતનોને નિઃશંકપણે પુરવાર કરવી પડે. જેથી ફરીયાદ પક્ષના પુરાવાથી સ્પષ્ટ પુરવાર થવુ જોઈએ કે, આરોપીએ જે ગુનો કરેલ છે અને ફરીયાદપક્ષને પોતાના કેસની હકીકતો પુરવાર કરવા માટે કેટલા સાહેદોને તપાસેલા છે તે સાહેદોની સંખ્યા મહત્વની નથી. પરંતુ જો ફરીયાદપક્ષના એકપણ સાહેદ ફરીયાદપક્ષના કેસની હકીકતોને પુરવાર કરતા હોય અને આરોપીએ ગુનો કરેલ હોવાનુ પુરવાર કરતા હોય તથા તેવા સાહેદ વિશ્વસનીય અને આધાર રાખવા લાયક હોય તો તે પુરતુ છે, પરંતુ જો ફરીયાદી પક્ષના કેસની હકીકતો ઉપર વ્યાજબી શંકા ઉભી થાય તો તેનો લાભ બચાવપક્ષને મળવાપાત્ર છે.

(૧૦) આ કામે આરોપી સામેનો આક્ષેપીત ગુનાને ધ્યાને લેતા, બનાવ તારીખે આ કામના આરોપીએ મોજે અટોદરા ગામની સીમમા રોયલ

પાર્ક સોસાયટીના ગેટની સામે સાયણ ઓલપાડ જતા રોડ ઉપર પોતાના કબ્જાની ગ્રે કલરની ફોરવ્હીલ સ્વીટ કાર ગફલતભરી રીતે હંકારી લાવી ઈજા પામનાર સાહેદ સંજય ગુરવ શર્માનાઓના કબ્જાની મો.સા.ને અડફેટમાં લઈ સંજયભાઈને મો.સા. સાથે રસ્તા ઉપર પાડી દઈ સાહેદ સંજયભાઈને માથાના ભાગે ગંભીર ઈજાઓ તથા ડાબા હાથમાં અને જમણા પગમાં ઈજાઓ પહોંચાડી બંને વાહનોને નુકશાન કરેલ તે અંગેનો આક્ષેપ છે.

**(૧૦.૧)** ફરીયાદ પક્ષે આરોપી સામેના આક્ષેપીત ગુના અંગે રજુ કરેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા ધ્યાને લેતા આંક–૦૫ થી ફરીયાદી અનીલ ગુરૂવ શર્માને તપાસેલ છે અને આંક–૦૬ થી ફરીયાદ રજુ કરેલ છે. ફરીયાદીની જુબાની અનુસાર ફરીયાદીના ભાઈનો અકસ્માત થયેલ હોવાનુ ફરીયાદીના ભાભીએ ફોન દ્વારા જાણ કરેલી અને ફરીયાદીએ તેઓના ભાઈને સારવાર માટે એમ્બ્યુલન્સમાં દવાખાને લઈ જવાનુ જણાવેલુ. જેથી, ફરીયાદીના ભાઈને સારવાર માટે પ્રથમ ઓલપાડ સરકારી દવાખાને લઈ ગયેલા જ્યાં પ્રાથમિક સારવાર કરી વધુ સારવાર માટે સેલ્બી હોસ્પિટલ સુરત લઈ ગયેલા. બનાવ સંદર્ભે ફરીયાદીએ જાહેર કરેલ છે કે, બનાવના દિવસે ફરીયાદીનો ભાઈ સંજય તેની મોટરસાયકલ લઈ સાઈટ પરથી ઘરે આવતો હતો ત્યારે તેઓની સોસાયટીના ગેટ આગળ એક સ્વીફ્ટ ફોરવ્હીલના ચાલકે દારૂ પીધેલી હાલતમાં તેના કબ્જાની ગાડી ૧૨૦ થી વધુ સ્પીડે ચલાવી ફરીયાદીના ભાઈની મોટરસાયકલને પાછળથી અથડાવી દઈ અકસ્માત કરેલો અને ફરીયાદીએ બનાવની પોલીસમાં ફરીયાદ આપેલી જે આંક–૦૬ થી રજુ કરેલ છે. ફરીયાદીની સદરહું જુબાની અન્વયે આરોપી તર્ફે કરેલ ઉલટતપાસ વંચાણે લેતાં એ હકીકત સ્વીકારેલ છે કે, બનાવવાળી જગ્યાએ ઘણા ઘર આવેલા છે જ્યાં ઘણીબધી ગાડીઓ આવતી જતી રહે છે, બનાવ નજરે જોયેલ નથી, બનાવ નજરે જોયેલ ન હોય કોની બેદરકારીથી બનાવ બનેલ તે કહી શકું નહી. જ્યારે ફરીયાદીના ભાઈને પ્રથમ ઓલપાડ સરકારી દવાખાને લઈ ગયેલ હોવાની તથા અકસ્માત ચાલકે દારૂ પીધેલી હાલતમાં પોતાના કબ્જાની ગાડી ૧૨૦ થી વધુ સ્પીડે ચલાવી લાવી તે હકીકત ફરીયાદમાં લખેલ નહીં હોવાનો ઈન્કાર કરેલ છે, જ્યારે બચાવ પક્ષે રજુઆત છે કે,

સદરહું હકીકત આંક–૦૬ થી રજુ એફ.આઈ.આર. માં સદરહું હકીકત જાહેર કરેલ નથી. જેથી આંક–૦૭ થી રજુ ફરીયાદીની ફરીયાદ વંચાણે લેતાં, આરોપી પક્ષે કરેલ બચાવને સમર્થન પ્રાપ્ત થાય છે અને એફ.આઈ.આર. ની હકીકત અનુસાર બનાવની જાણ ફરીયાદીના મિત્ર બંસીલાલે કરેલ હોવાનુ તેમજ ફરીયાદીના સદર મિત્ર દ્વારા ૧૦૮ ને બોલાવી ફરીયાદીના ભાઈને સેલ્બી હોસ્પિટલ સુરત ખાતે લઈ આવતા હોવાની અને ફરીયાદીને પણ હોસ્પિટલ આવી જવાનુ જણાવતા ફરીયાદી સુરત સેલ્બી હોસ્પિટલમાં ગયેલા અને ત્યાં તેઓના ભાઈને જોતા માથાના ભાગે ઈજા થયેલી હતી અને તે બેભાન હાલતમાં હતો. ફરીયાદીને આંક–૦૫ ની સોગંદ પરની જુબાની ફરીથી વંચાણે લેતાં, ફરીયાદીએ તેઓની જુબાનીમાં અકસ્માતના બનાવનો ફોન તેમના ભાભીએ કરેલ હોવાનુ જણાવતા ફરીયાદીએ તેઓના ભાઈને સારવાર માટે એમ્બ્યુલન્સમાં લઈ જવાનુ જણાવેલ અને જેથી, ફરીયાદીના ભાઈને પ્રથમ ઓલપાડ સરકારી દવાખાને લઈ ગયેલા અને ત્યારબાદ વધુ સારવાર માટે સુરત સેલ્બી હોસ્પિટલ ખાતે લઈ ગયેલાનુ જાહેર કરેલ છે. તેમજ ફરીયાદમાં જણાવેલ સ્વીફ્ટ ફોરવ્હીલ ગાડીનો ચાલક દારૂ પીછેલી હાલતમાં ૧૨૦ ની સ્પીડે પોતાના કબ્જાની ગાડી ચલાવેલ હોવાની લેશમાત્ર હકીકત જણાવેલ નથી. જેથી, ફરીયાદીની સોગંદ પરની જુબાની અને રજુ કરેલ એફ.આઈ.આર. માં સ્પષ્ટ વિરોધાભાસ જણાય છે તેમજ ફરીયાદીએ સદરહું બનાવ નજરે જોયેલ નહી હોવાનુ પણ સ્વીકારેલ છે. જેથી, ફરીયાદીની જુબાની અનુસાર તેમના ભાઈનુ અકસ્માત થતા ઈજા થયેલ હોવાનુ રજુ પુરાવાથી ફલિત થાય છે પરંતુ સદરહું અક્સ્માત આરોપી દ્વારા જ કરવામાં આવેલ હોય તેવી હકીકતને સમર્થન પ્રાપ્ત થતુ નથી.

**(૧૦.૨)** ફરીયાદ પક્ષે આંક–૦૭ થી ઈજા પામનાર સાહેદ સંજય શર્માની જુબાની અનુસાર બનાવના દિવસે ઈજા પામનાર તેમની મોટરસાયકલ લઈ ઘરે આવતા હતા ત્યારે રોયલપાર્ક સોસાયટીના ગેટની નજીકમાં મેઈન રોડ ઉપરથી પસાર થતા હતા અને વળાંક આવતા સાહેદો મોટરસાયકલની સાઈડલાઈટ બતાવી વળવા જતા હતા ત્યારે પાછળથી એક સ્વીફ્ટ ગાડી જેનો નંબર યાદ નથી ના ચાલકે ફુલસ્પીડમાં ચલાવી સાહેદની

મોટરસાયકલ સાથે અથડાવી દેતા કારની ટક્કર લાગવાથી સાહેદ નીચે ખાડીમાં પડી ગયેલા અને બનાવમાં માથામાં, હાથ અને પગ ઉપર ઈજાઓ થયેલી અને સારવાર માટે ૧૦૮ માં પ્રથમ ઓલપાડ સરકારી દવાખાને લઈ ગયેલા જ્યાં પ્રાથમિક સારવાર કરી વધુ સારવાર માટે સેલ્બી હોસ્પીટલ સુરત લઈ ગયેલા જ્યાં અંદરના દર્દી તરીકે એકાદ મહિનો સારવાર કરેલી જેમાં માથાના ભાગે ટાંકા લીધેલા અને ત્યારબાદ રજા આપેલી. સાહેદે આરોપીને અદાલત સમક્ષ ઓળખી બતાવેલ છે. ઈજા પામનાર સાહેદો ઉપરોક્ત જણાવેલ હકીકત અન્વયે બચાવપક્ષે કરેલ ઉલટતપાસમાં સ્વીકારેલ છે કે, બનાવવાળી જગ્યા જાહેર જગ્યા હોવાથી ત્યાં માણસોની અવરજવર રહે છે, પોલીસ સમક્ષના નિવેદનમાં આરોપીનુ વર્ણન જણાવેલ નથી, તેમજ પ્રથમ ઓલપાડ સરકારી દવાખાને સારવાર માટે લઈ ગયેલ હોવાની હકીકત નિવેદનમાં લખાવેલ નથી, આરોપીની ઓળખ પરેડ કરાવેલ નથી. તેમજ સાહેદે જણાવેલ છે કે, તેઓ ગુજરાતી ભાષા લખતા વાંચતા થોડીઘણી આવડે છે અને સ્વીકારેલ છે કે, પોલીસે તેમનુ નિવેદન ગુજરાતી લખેલુ અને શું લખેલુ તેની ખબર નથી. જ્યારે મોટરસાયકલ સ્લીપ થઈ જવાથી, નીચે પડી જવાથી ઈજા થયેલ હોવાની હકીકતનો ઈન્કાર કરેલ છે. જેથી, સદરહું ઈજા પામનારની જુબાની ધ્યાને લેતાં, અકસ્માતમાં તેઓને ઈજા થયેલ હોવાનુ ફલિત થાય છે અને સાહેદની જુબાની અનુસાર આ કામના આરોપી દ્વારા તેઓની મોટરસાયકલને પાછળથી અથડાવી દઈ અકસ્માત કરેલાનુ જણાય છે.

**(૧૦.૩)** ફરીયાદ પક્ષે આંક–૦૮ થી તપાસેલ સાહેદ જીગ્નેશભાઈ વાળંદની જુબાની ધ્યાને લેતાં, સદરહું સાહેદ રોયલપાર્ક સોસાયટી, ઈશનપોર મુકામે રહે છે. બનાવ સમયે નવરાત્રીનુ ડેકોરેશન કરી પાણી લેવા માટે સોસાયટીના ગેટની બહાર નીકળેલા હતા ત્યારે સાહેદની સોસાયટીમાં રહેતા આ કામના ઈજા પામનાર સાહેદ સંજયભાઈ તેઓની બાઈક લઈને સોસાયટી તરફ ટર્ન લેતાં હતા ત્યારે એક ફોરવ્હીલ ગાડી ફુલ સ્પીડમાં આવીને સંજયભાઈની બાઈકને આગળથી ટક્કર મારીને અકસ્માત કરેલો. સદર અકસ્માતમાં સાહેદ સંજયભાઈ નીચે પડી ગયેલા અને માથામાં ગંભીર ઈજા

થતા બેભાન થઈ ગયેલા અને તેઓને એક ખાનગી કારમાં સારવાર માટે ઓલપાડ સરકારી દવાખાને લઈ ગયેલા અને ત્યાંથી વધુ સારવાર માટે સેલ્બી હોસ્પિટલ સુરત લઈ ગયેલા જ્યાં અંદરના દર્દી તરીકે દાખલ કરેલા. તેમજ કારનો ચાલક તરત જ ભાગી ગયેલ હોય સાહેદ ઓળખી શકે નહી. સદરહું સાહેદ તેઓના પોલીસ રૂબરૂના નિવેદનમાં બનાવની તારીખ તથા સ્વીફ્ટ ગાડીનો રજીસ્ટ્રેશન નંબર લખાવેલ. જ્યારે તેઓની જુબાનીમાં સદરહું હકીકત લખાવેલ ન હોય સદરહું હકીકત પુરતા સાહેદ ફરી ગયેલા જાહેર થયેલ છે. આરોપી પક્ષે સાહેદની કરેલ ઉલટતપાસ વંચાણે લેતાં સ્વીકારેલ છે કે, બનાવવાળી જગ્યાએ જાહેર માર્ગ હોવાથી ઘણાબધા માણસો તથા વાહનોની અવરજવર રહે છે. તેમજ સાહેદે જાહેર કરેલ છે કે, પોલીસે તેઓને જેટલુ પુછેલુ તેટલુ લખાવેલુ તેમજ સ્વીકારેલ છે કે, પોલીસે મારા નિવેદનમાં શું લખેલ તે મે વાંચેલ ન હતુ.

**(૧૦.૪)** ફરીયાદ પક્ષે તપાસેલ આંક–૧૦ થી અ.પો.કો. કે.સી. ચૌધરીની જુબાની અનુસાર સને–૨૦૨૩ માં તેઓ ઓલપાડ પોલીસ સ્ટેશનમાં અ.પો.કો. તરીકે ફરજ બજાવતા હતા તે દરમ્યાન તા.૧૫/૧૦/૨૦૨૩ ના રોજ સવારના આઠ થી રાત્રીના આઠ વાગ્યા સુધી ઓલપાડ ટાઉન વિસ્તારમાં પી.સી.આર. માં પેટ્રોલીંગમાં હતા અને તેઓની ફરજ ટાઉન વિસ્તારના ટ્રાફિક પોઈન્ટ પર હાજર પોલીસના માણસોની હાજરી ચેક કરવા બાબતેની હતી અને તે દરમ્યાન સાંજના ૬:૧૦ મિનીટે મીના હોટલના પોઈન્ટ પર તપાસ કરતા એસ.આર.બી. ભાવિન પરેશભાઈ તથા એસ.ટી. ડેપોના પોઈન્ટ ઉપર ૬:૧૫ કલાકે તપાસ કરતા જી.આર.ડી. ચંદ્રેશ પ્રવિણભાઈ પોઈન્ટ ઉપર ગેરહાજર હતા ત્યારબાદ કલાક ૮:૨૦ થી ૮:૩૦ વચ્ચે પણ તેઓ પોઈન્ટ પર હાજર ન હતા જે બાબતની ઓલપાડ પોલીસ સ્ટેશને આવી પી.એસ.ઓ. શંકુતલાબેન પાસે આ બાબતે સ્ટેશન ડાયરીમાં નોંધ કરવા જાણ કરેલી. તેમજ આરોપીને જોયે ઓળખતા હોવાનુ જાહેર કરેલ છે. સદર સાહેદની બચાવપક્ષે કરેલ ઉલટતપાસ ધ્યાને લેતાં, એ હકીકત સ્વીકારેલ છે કે, સરતપાસમાં જણાવેલ હકીકત અન્વયે તપાસ કરતા ગેરહાજર રહેલ જી.આર.ડી.ને પોઈન્ટ પર ગેરહાજર બાબતે ફોન પર જાણ

કરેલી. એ હકીકતનો ઈન્કાર કરેલ છે કે, પોઈન્ટ પર તપાસ કરવા ગયેલ હોય ત્યારે આરોપી વોશરૂમ કરવા પણ ગયેલ હોઈ શકે. જેથી સદર સાહેદની જુબાની અનુસાર આ કામના આરોપી જી.આર.ડી. તરીકે ફરજ બજાવતા હોવાનુ જણાય છે. તેમજ તેઓની જુબાની અનુસાર આરોપી બનાવના દિવસે તેઓની ફરજ પર એસ.ટી. ડેપોના પોઈન્ટ ઉપર હોવાનુ અને તપાસ કરતા સદરહું આરોપી તેઓના પોઈન્ટ પર ગેરહાજર રહેલ હોવાનુ જણાય છે.

**(૧૦.૫)** ફરીયાદ પક્ષે આંક–૧૧ અને આંક–૨૨ થી તપાસેલ પંચ સાહેદોએ તેઓની જુબાનીમા આંક–૧૨ થી ગુનાવાળી જગ્યાનું પંચનામું તથા આંક–૧૩ થી આરોપીની શરીર સ્થિતિનું પંચનામું રજુ કરેલ છે પરંતુ રજુ કરેલ પંચનામામા ફકત તેઓની સહી ઓળખી બતાવી પંચનામાની કહીકતને સમર્થન કરેલ નથી. જેથી ફરીયાદ પક્ષ પંચનામાની હકીકતને પુરવાર કરી શકેલ નથી. જયારે આંક–૧૪ અને આંક–૧૫ થી મેડીકલ સારવાર સર્ટીફીકેટો રજુ કરેલ છે જે દસ્તાવેજોને આંક આપવા સામે વાંધો નહી હોવાનુ આરોપી પક્ષે શેરો કરેલ છે. સદર રજુ દસ્તાવેજોની હકીકતો ધ્યાને લેતાં ઈજા પામનાર સાહેદ સંજય ગુરવ શર્માને ઈજા થયેલ હોવાનુ ફલીત થાય છે પરંતુ સદર અકસ્માત આરોપીએ વાહન પુરઝડપે અને ગફલતભરી રીતે હંકારી લાવેલ તે કારણે બનવા પામેલ હોવાનુ ફરીયાદ પક્ષે રજુ મૌખિક પુરાવાને દસ્તાવેજી પુરાવાથી સમર્થન પ્રાપ્ત થતુ નથી.

**(૧૦.૬)** ફરીયાદ પક્ષે આંક–૨૧ અને આંક–૨૫ થી તપાસેલ તપાસ અધીકારીઓનો પુરાવો ધ્યાવે લેતાં, તેમના ફરજના ભાગ રૂપે જુબાની આપેલ હોવાનુ ફલીત થાય છે. તેમજ સદર ગુનાના કામે આરોપી સામે પુરતો પુરાવો હોય ચાર્જશીટ કરેલાનુ જાહેર કરેલ છે પરંતુ ફરીયાદીની જુબાની તથા રજુ અન્ય પુરાવો ધ્યાને લેતા અકસ્માતવાળી ફોરવ્હીલ આ કામના આરોપી જ ચલાવતા હોય તેવો કોઈ પુરાવો રેકર્ડ પર રજુ થયેલ નથી તેમજ આરોપીની બેદરકારીના કારણે સાહેદ સંજય ગુરવ શર્માને ઈજા થયેલ હોય તેવો ગ્રાહય રાખી શકાય તે મુજબનો ચોકકસ પુરાવો રજુ થયેલ ન હોય ત્યારે તપાસ અધિકારીની જુબાની આધારે આરોપીને તકસીરવાન ઠરાવી શકાય નહી.

**(૧૧)** આરોપી સામેના ગુનાની જોગવાઈ ધ્યાને લેતાં આ તબકકે ઈ.પી.કો. કલમ –૨૭૯, ૩૩૭, ૩૩૮ ધ્યાને લેવી આવશ્યક જણાય છે જે નીચે મુજબ છે.

– **કલમ–૨૭૯ સરિઆમ રસ્તા પર બેકાળજીથી વાહન ચલાવવા અથવા સવારી કરવા બાબતઃ–**

જે કોઈ વ્યકિત, માણસોની જિંદગી જોખમમા મુકાય અથવા અન્ય વ્યકિતને વ્યથા કે હાનિ થવાનો સંભવ હોય એવી બેફામ રીતે બેદરકારીથી સરિઆમ રસ્તા ઉપર કોઈ વાહન ચલાવે અથવા સવારી કરે તેને છ મહિના સુધીની બેમાંથી કોઈ પ્રકારની કેદની અથવા એક હજાર રૂપિયા સુધીના દંડની અથવા તે બન્ને શિક્ષા કરવામાં આવે છે.

– **કલમ–૩૩૭ બીજાઓની જિંદગી કે શારીરિક સલામતી જોખમમાં મૂકાય એવા કૃત્યથી વ્યથા કરવા બાબતઃ–**

જે કોઈ વ્યકિત, મનુષ્યની જિંદગી કે અન્ય વ્યકિતઓની શારીરિક સલામીત જોખમમાં મૂકાય એવી બેફામ રીતે અથવા બેદરકારીથી કોઈ કૃત્ય કરીને કોઈ વ્યકિતને વ્યથા કરે, તેને છ મહિના સુધીના બેમાંથી કોઈ પ્રકારની કેદની અથવા પાંસચો રૂપિયા સુધીના દંડની અથવા તે બંન્ને શિક્ષા કરવામાં આવશે.

– **કલમ–૩૩૮ બીજાઓની જિંદગી કે શારીરિક સલામતી જોખમમાં મૂકાય એવા કૃત્યથી મહાવ્યથા કરવા બાબતઃ–**

જે કોઈ વ્યકિત, મનુષ્યની જિંદગી કે અન્ય વ્યકિતઓની સલામીત જોખમમાં મૂકાય એવી બેફામ રીતે અથવા બેદરકારીથી કોઈ કૃત્ય કરીને કોઈ વ્યકિતને મહાવ્યથા કરે, તેને બે વર્ષની મુદત સુધીના બેમાંથી કોઈ પ્રકારની કેદની અથવા એક હજાર રૂપિયા સુધીના દંડની અથવા તે બંન્ને શિક્ષા કરવામાં આવશે.

**(૧૧.૧)** નામદાર ઓરીસ્સા હાઈકોર્ટના ચુકાદામાં બીજલ વિરૂધ્ધ ઓરીસ્સા રાજય ૧૯૮૧ ક્રિ.લો.જ. ૫૮૩ (ઓરીસ્સા) ના ચુકાદામા પ્રસ્થાપિત કરવામા આવેલ છે કે, અકસ્માત થયો હતો એટલા ઉપરથી એમ માની શકાય નહી કે વાહન બેફામ રીતે અથવા બેકાળજીથી ચલાવવામા આવતુ હતુ. ફરીયાદ પક્ષે સ્પષ્ટ રીતે પુરવાર કરવુ જોઈએ કે વાહન બેફામ રીતે બેકાળજીથી ચલાવવામા આવતુ હતુ.

**(૧૨)** ઉપરોકત ફરીયાદ પક્ષના રજુ પુરાવાઓનુ મુલ્યાંકન કરતા ફરીયાદવાળા બનાવમાં અકસ્માત થયેલ હોવાનુ અને તેમા સાહેદ સંજય ગુરવ શર્માને ઈજા થયેલ હોવાનુ તેમજ સદર ઈજા પામનાર સાહેદે મેડીકલ સારવાર લીધેલ હોવાનુ ફલીત થાય છે પરંતુ આ કામના આરોપી/વાહન ચાલક દ્વારા તેઓનુ વાહન પુરઝડપે અને ગફલતભરી રીતે ચલાવી અકસ્માત કરેલ હોય તે હકીકતને ફરીયાદ પક્ષ નિઃશંકપણે પુરવાર કરેલ નથી અને સદરહુ સાહેદના પુરાવા જોતા હાલના આરોપીએ જ બેદરકારી અને ગફલતભરી રીતે ચલાવી અકસ્માત કરેલ હોવાનુ પ્રસ્થાપિત થતુ નથી. વધુમાં, ફરીયાદ પક્ષે રજુ ફરીયાદી તથા ઈજા પામનારનો મૌખિક પુરાવો ધ્યાને તથા વંચાણે લેતાં, મહત્વની હકીકતોનો વિરોધાભાસ જણાય છે તેમજ આંક–૦૫ થી તપાસેલ ફરીયાદીએ અકસ્માત કરનાર કાર ચાલક દારૂ પીધેલી હાલતમાં પોતાના કબ્જાની ગાડી ૧૨૦ થી વધુ સ્પીડે ચલાવી લાવી પાછળથી તેમના ભાઈ ઈજા પામનાર સાહેદને ટક્કર મારી અથડાવી દઈ અકસ્માત કરેલ હોવાનુ સોગંદ પર જાહેર કરેલ છે. જ્યારે આંક–૦૭ થી રજુ ફરીયાદમાં આવી કોઈ હકીકત જાહેર કરેલ નથી તેમજ આરોપી સામેના આક્ષેપિત ગુના અન્વયે આ કામના આરોપી પુરઝડપે અને ગફલતભરી રીતે બેદરકારીથી વાહન ચલાવી અકસ્માત કરેલ હોવાની હકીકતને ગ્રાહ્ય રાખી શકાય તેવા પુરાવાથી સાબિત કરેલ ન હોય અને સાહેદોની જુબાનીમાં મહત્વના વિરોધાભાસ જણાતા ન હોય અને રજુ પુરાવા સામે વ્યાજબી શંકા ઉત્પન્ન થતી હોય તેવા સંજોગોમાં આરોપીને વ્યાજબી શંકાનો લાભ મળવાપાત્ર રહે છે. આમ, સદરહુ સાહેદોના

પુરાવાથી ફરીયાદ હકીકતને સમર્થન મળતુ ન હોય સદરહુ સાહેદોના પુરાવાથી આ કામના આરોપીને તકસીરવાન ઠરાવી શકાય નહી.

**(૧૩)** ફરીયાદ પક્ષે પોતાનો કેસ શંકાથી પર સાબિત કરવાનો હોય છે કે, જેથી ફરીયાદ પક્ષનો સમગ્ર પુરાવો જોતાં અકસ્માત બનેલાનુ માની શકાય, પરંતુ સદર કામના આરોપીની બેદરકારીથી, બેફીકરાઈથી વાહન હંકારવાના કારણે સદર બનાવ બનેલ હોવાનો કોઈ પુરાવો ફરીયાદ પક્ષે આપવામાં આવેલ નથી. આમ રેકર્ડ પરનો પુરાવો ધ્યાને લેતા આ અકસ્માત આરોપીની બેદરકારીના કારણે બનેલો કે કેમ ? અથવા આરોપીની ગફલતના કારણે બનેલ તેવુ ફરીયાદ પક્ષ ભારતીય પુરાવા અધિનિયમ કલમ–૧૦૧ મુજબ સાબિત કરવામા નિષ્ફળ ગયેલ છે. આમ, ફરીયાદ પક્ષનો સમગ્ર પુરાવો અને નામદાર ગુજરાત હાઈકોર્ટના સ્ટેટ ઓફ ગુજરાત વિ. માલતીબેન વાધજીભાઈ, જી.એલ.આર.૧૯૯૩ (૨) ૧૬૦૦ તથા સ્ટેટ ઓફ ગુજરાત વિ. મહંમદ સરીફ ઉમર ગજાલ, જી.એલ.એચ.૨૦૦૭ (૩) ૫૬૧ ના ચુકાદામાં ઠરાવેલ છે કે, "ફરીયાદ પક્ષે આરોપીનુ કૃત્ય બેફામપણે અને બેદરકારી પુર્વકનુ હતુ તેવુ સાબિત કરવુ જોઈએ" વધુમાં જયુરીશપ્રુડન્સના કાયદાના સિધ્ધાંત અનુસાર ફરીયાદ પક્ષે પોતાનો કેસ નિઃશંકપણે પુરવાર કરવાનો રહે છે અને આરોપીએ માત્ર બચાવ કરવાનો છે તેમજ આરોપી સામે હાલનો કેસ ફોજદારી કેસ છે, ત્યારે ફોજદારી ન્યાયશાસ્ત્રના મુળભુત સિધ્ધાંત મુજબ ફરિયાદપક્ષે આરોપી સામેનો કેસ નિ:શંકપણે પુરવાર કરવાનો હોય છે અને જયાં સુધી આરોપી સામે ગુનો સાબિત ન થાય ત્યાં સુધી તે નિર્દોષ છે તે રીતે અનુમાન કરવું જોઈએ. વધુમાં ફરિયાદપક્ષ આરોપી સામે જે આક્ષેપ સાબિત કરવા માંગતા હોય તે આક્ષેપ ફરિયાદ પક્ષે તેના સકારાત્મક પુરાવાથી, શંકાથી પર સાબિત કરવુ જોઈએ. આમ, આરોપી સામેના આક્ષેપીત ગુનાની જોગવાઈ તથા આ સંદર્ભે નામદાર સર્વોચ્ચ અદાલતે કરેલ અવલોકન તથા હાથ પરના કેસમાં ફરીયાદ પક્ષે રજુ કરેલ મૌખિક તથા દસ્તાવેજી પુરાવા વંચાણે લેતાં ફરીયાદમાં જણાવેલ અકસ્માતવાળો બનાવ આ કામના આરોપી દ્રારા જ કરવામાં આવેલ હોય

તેવી લેશમાત્ર હકીકત કે પુરાવા ફરીયાદ પક્ષે રજુ થયેલ નથી અને જયારે આરોપી સામેના આક્ષેપીત ગુનાના મહત્વના તત્વોને પુરવાર કરવામાં આવેલ હોય તેવી લેશમાત્ર હકીકત કે પુરાવા ફરીયાદ પક્ષે રજુ થયેલ નથી અને જયારે આરોપી સામેના આક્ષેપીત ગુનાના મહત્વના તત્વોને પુરવાર કરવામાં ફરીયાદ પક્ષ નિષ્ફળ ગયેલ હોય તેવા સંજોગોમાં રજુ પુરાવાના આધારે આરોપીને તકસીરવાન ઠરાવી શકાય નહી અને આ કામના આરોપીને તેઓની સામેના આક્ષેપીત ગુના અન્વયે વ્યાજબી શંકાનો લાભ મળવો ન્યાયોચીત જણાતુ હોય મુદ્દા નં.૧ પરત્વેનો જવાબ નકારમાં ઠરાવી મુદ્દા નં.૨ અન્વયે ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

## <u>– : આખરી હુકમ : –</u>

(૧) આ કામના આરોપીને ક્રિમી. પ્રોસી. કોડની કલમ–૨૫૫ (૧) અન્વયે ઈ.પી.કો. કલમ– ૨૭૯, ૩૩૭, ૩૩૮ તથા એમ.વી.એક્ટની કલમ–૧૭૭, ૧૮૪ મુજબના શિક્ષાપાત્ર ગુન્હાઓમાંથી વ્યાજબી શંકાનો લાભ આપી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) આરોપીના ક્રિ.પ્રો.કોડ કલમ–૪૩૭ (એ) અન્વયે અપીલ સમય સુધીના રૂ.૧૦,૦૦૦/– ના જામીન તથા તેટલી રકમના જાત મુચરકા રજુ કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૩૧/૦૭/૨૦૨૬.<br>
સ્થળઃઓલપાડ.

(દીપ્તી મૌલિક પંડયા)<br>
એડી.સીની.સીવીલ જજ અને<br>
એડી. ચીફ જયુડી.મેજી.ઓલપાડ.<br>
Code No. GJ-01290